# ડીસાના માલગઢ ગામે છકડો રીક્ષાની ટક્કરથી વિદ્યાર્થીનું મોત

ડીસા, તા. ૨૧

જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણજાર ચાલતી હોય તેમ એક પછી એક અકસ્માતોમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જિલ્લા મથક પાલનપુરમાં ગતરોજ આબુરોડ હાઈવે પર બે માસુમ વિદ્યાર્થીઓના મોતની શાહી પણ સુકાઈ નથી ત્યાં માલગઢ ગામે એક વિદ્યાર્થીનુ છકડો રીક્ષાથી ટક્કર લાગતા ઘટના સ્થળએ મોત નિપજ્યું હતું.

આ બનાવની વિગતો જોઈએ તો માલગઢ કુડાવાળી ઢાણી ખાતે રહેતા કલ્પેશ હીરાલાલ ગેલોત ઉં.વ. ૧૧ જે માલગઢ સ્કૂલમાંથી સાંજના સુમારે પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો તે દરમિયાન સામેથી આવી રહેલી બજાજ છકડો રીક્ષા નંબર જી.જે.૮-ઝેડ-૩૩૬૨ના ચાલકે ગફલતભર્યુ ડ્રાઈવિંગ કરી કલ્પેશને જોરદાર ટક્કર મારતા તેના માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. જેને અકસ્માત કરનાર રીક્ષાચાલકે ખાનગી તબીબ ડૉક્ટર લાલજીભાઈ પરમારની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જો કે સારવાર દરમ્યાન આ માસુમ વિદ્યાર્થીનું કરૂણ મોત થયું હતું.



(તસવીર : કાન્તીલાલ લોધા)

આ બનાવની જાણ થતા માલગઢ ગામના વાસીયો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતકની લાશને ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે ખસેડવામાં આવી હતી અને રીક્ષા ચાલક વિરૂદ્ધ ગુનો તાલુકા પોલીસમથકે મૃતકના સગા અમરતભાઈ ગોરધનભાઈ માળીએ નોંધાવ્યો હતો. આ અકસ્માત બાબતે ગામના સરપંચ શ્રવણભાઈ માળી તેમજ ડીસા તાલુકા પંચાયત સભ્ય નરેશભાઈ સોલંકીએ આ રોડ પર ચાલતા છકડા ચાલકો સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે માલગઢ ગામે પરીવહન માટેનો એક માત્ર સાધન છકડો રીક્ષા હોઈ આ વિસ્તારમાં અંદાજીત ૧૦૦ થી વધુ છકડો રીક્ષાઓ સટલમાં પોતાની રીક્ષા ફેરવે છે.

આ રીક્ષા ચાલકોમાં મોટાભાગના લાયસન્સ ધરાવતા નથી. તેમજ આર.ટી.ઓ. પરમીટમાં ફાળવાયેલ મુસાફરો કરતા અનેકગણા વધારે મુસાફરો પોતાની રીક્ષાઓમાં ભરતા તેઓ સ્ટેરીંગ પરથી અનેકો વખત કાબુ ગુમાવતા માલગઢ પંથકમાં છેલ્લાબે વર્ષમાં આઠ થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ છકડા રીક્ષાઓ પર કાયદાનો પ્રતિબંધ લાવી કઠોર કાર્યવાહી કરવી જોઈએ જેથી અકસ્માત નીવારી શકાય. તેવું તેમને જણાવ્યું હતું. આ અકસ્માતમાં માસુમ વિદ્યાર્થીએ પોતાનો જીવ ગુમાવતા સમગ્ર પંથકમાં શોક છવાયો હતો.




## ડીસાની સરદાર પટેલ હાઈસ્કુલમાં એ.બી.વી.પી ના કાર્યકરો દ્વારા હોબાળો થતા પોલીસ દોડી આવી

ડીસાની સરદાર પટેલ હાઈસ્કુલ જે નવા સત્રથી શરૂઅતા થઈ છે. ત્યારથીજ અવાર નવાર અનેક જાતના વિવાદોમાં સપડાઈ છે. જેમાં પ્રથમવાર સ્કુલના મેરીડ લીસ્ટમાં આવેલ નામવાળી વ્યકિતને એડમીશન નમળતા હોબાળો થયો હતો. ત્યાર બાદ શાળામાં યુનીફોર્મ બાબતે પણ હોબાળો થયો હતો. અને આજરોજ શાળાનો સમય સવારના કરવા બાબતે વીદ્યાર્થીઓએ ભારે હંગામો મચાવતા શાળાના સંચાલકોને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

ડીસાની જાણીતી શૈક્ષણીક સંસ્થા એવી સરદાર પટેલ હાઈસ્કુલમાં ભણતા ધોરણ-૧૧-૧૨ ના ગામડાના વિદ્યાર્થીઓ નો શાળાનો સમય બપોરનો હાઈ સાંજના સમયે ધરે જતા કોઈ વાહન નમળતુ હોઈ ભારે તકલીફોનો સામનો કરવો પડતો હતો. જેના પગલે આ વિદ્યાર્થીઓએ અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદના કાર્યકરોને જાણ કરતા એ.બી.વી.પીના કાર્યકરો શાળાના આચાર્યને રજુઆત કરવા જતા આચર્યએ ઉડાવુ જવાબ આપતા વીદ્યાર્થીઓ રોષે ભરાયા હતા. અને શાળાના બંન્ને દરવાજાઓ લોક કરી તમામ વીદ્યાર્થીઓને અંદર-બાર જવા માટેના દરવાજા બંધ કરાતા ભારે હંગામો મચી ગયો હતો. આ બાબતે શાળાના આચર્યએ તાત્કાલીક શહેર પોલીસને જાણ કરતા શહેર પોલીસ શાળામાં આવી મામલો ઠાળે પાડયો હતો.

## પ્રાંતિજ યુનિટ બાદ મોડાસા, ઈડર અને ભિલોડામાં હોમગાર્ડ ભરતી પ્રક્રિયાનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાની કચેરી, હિંમતનગર ખાતે જાદર, ઈલોલ, ગાંભોઈ, તલોદ અને પ્રાંતિજ યુનિટના હોમગાર્ડ સભ્યોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે શાંતિ અને ગુણવત્તાના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી. મોડાસા, ઈડર અને ભિલોડા યુનિટની ભરતી આગામી ત્રણ દિવસ દરમિયાન યોજાશે.

પોલીસ સાથે કામ કરતા હોમગાર્ડ સભ્યોની સંખ્યા પુરતા પ્રમાણમાં મળી રહે એ આશયથી નાયબ પોલીસ અધિકારી તથા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ઝેડ. જે. ચૌહાણના અધ્યક્ષપણા નીચે ભરતી કમીટી બનાવી ભરતી પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં આર.એસ.આઈ. ઝાલા, જે.પી. પંડ્યા, કે. કે. ચૌહાણ તથા ડી. આર. ડી. પરીખ, સંબંધીત યુનિટના ઓફિસર કમાન્ડીંગ હાજર રહ્યા હતા. જિલ્લાના અન્ય યુનિટોમાં મોડાસાની આર્ટસ કોલેજના ગ્રાઉન્ડ ખાતે આજે સવારે ૭ કલાકે, ઈડરની સરપ્રતાપ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ૨૩-૭-૧૨ ને સવારે ૭ કલાકે ભરતી પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# હિંમતનગરની એચ.ડી.એફ.સી.બેંક સાથે ૧૩ લાખની છેતરપીંડી થતા ફરિયાદ : અઢી માસ બાદ ફરિયાદ નોંધાઈ

### આધુનિક યુગમાં સુસજ્જિત બેંકમાંથી રૂ. ૧૩ લાખ ૭૦ હજારનો ચેક કલીયર થયો કોની બેદરકારી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં આવેલ એચ.ડી.એફ.સી. બેંક સાથે અઢી માસ પહેલા ૧૩ લાખની છેતરપીંડી થતા શનિવારના રોજ હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ મહારાષ્ટ્રના ભીવંડીની એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા શાખાએ ચેક નંબર - ૮૩૨૪૧૭, રૂ. ૧૦હજારનો ચેક બોમ્બેના યુવરાજ ભીમરાવ કામ્બલેને તા. ૨૮-૪-૧૨ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ જે ચેક મૂળ રહેવાસી ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના લુણાવાડા નજીક આવેલ વીરપુરનો અને હાલ મુંબઈમાં ભાયંદર થાનેના માણીભદ્રનગર વિસ્તારમાં સાઈબાબા હોસ્પિટલની પાછળ ઈશા એપાર્ટમેન્ટ વિંગ-૧૦૭માં રહેતા દીગેશ સુભાસ આચાર્ય પાસે કોઈ પણ રીતે આવી જતા તેને ચેકમાં યુવરાજ ભીમરાવ કામ્બલેની જગ્યાએ પોતાનું નામ, રૂ. ૧૦ હજારની જગ્યાએ રૂ. ૧૩ લાખ ૧૭ હજાર અને શબ્દોમાંપણ રકમ ટાઈપ કરી બદલી નાંખી અસલ ચેક સાથે ફેરફાર કરી તે ચેક હિંમતનગરની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં પોતાના ખાતામાં નાખતા એચ.ડી.એફ.સી. બેંક હિંમતનગર શાખાએ કલીયર કરતા દીગેશ સુભાસ આચાર્ય પોતાના ખાતામાં રકમ આવી જતા તેને બોમ્બેમાં અલગ બેંકમાંથી તમામ રકમ ઉપાડી લઈ ગયેલ.

આ અંગે હિંમતનગર એચ.ડી.એફ.સી. શાખાના બેંક મેનેજર જીગરકુમાર ચતુરભાઈ પટેલે હિંમતનગર ટાઉન પોલીસમથકે દીગેશ સુભાસ આચાર્ય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ છેતરપીંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ નોંધાયેલ ફરિયાદ શંકા ઉપજાવે તેવી પહલી નજરે લાગી રહી કારણ કે ૨૮-૪-૧૨ના રોજ ઈસ્યુ કરેલ ચેક રૂ. ૧૦ હજારનો અને ત્યાર બાદ તેજ ચેક બીજાના નામે બદલીને રૂ. ૧૩ લાખ ૭૦ હજારનો થાય અને તે પણ કલીયર થઈ જાય અને તે રકમ પણ ૧૨-૭-૧૨ સુધીમાં ઉપાડી લે ત્યાં સુધી આધુનિક યુગમાં કોમ્પ્યુટરથી સુસજ્જિત બેંકોને આજે ત્રણ મહિના સુધી કાઈ ખબર ના પડે તે કેવી નવાઈ જેવી વાત છે.



ડીસાના ડી.વાય.એસ.પી આર.આઈ.પટેલ ડીસા શહેરમાં બનતા ધરફોડ ચોરી,ચીલ ઝડપ, વાહન ચોરીના બનાવો અનુસંધાને ડીસા શહેર ખાતે તમામ સોસાયટીઓમાં રાત્રી દરમ્યાન પોલીસ મોબાઈલ પેટ્રોલીંગ તેમજ મોટર સાઈકલ પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલ છે. ડીસા શહેરમાં ચોરીઓના બનાવ અટકે તે સારૂ ગઢ પોલીસ સ્ટેશન તથા આગથળા પોલીસ સ્ટેશન, ડીસા રૂરલ પોલીસ સ્ટેશન ની મોબાઈલોને પણ શહેરની મુખ્ય બજારો તેમજ સોસાયટી વિસ્તારોમાં પેટ્રોલીંગ ગોઠવી શક પડતા ઈસમો તેમજ વાહનોની સધન ચેકીંગ કરવામાં આવશે. સોસાયટી વિસ્તારમાં ધોડે સવાર પેટ્રોલીંગ પણ ગોઠવવામાં આવેલ. ડીસા શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડેરા, તંબુ, છાપરા બનાવીને રહેતા ઈસમોને ચેક કરવાની કાર્યવાહી પણ હાથ ધરેલ છે. દિવસ દરમ્યાન બનતા ચીલ ઝડપના તેમજ ચોરીઓના બનાવ સંબંધમાં ડીસા બજારમાં પેટ્રોલીંગ તેમજ બેંન્કો, એ.ટી.એમ ના સેન્ટરો પર પોલીસના માણસો ગોઠવી પેટ્રોલીંગ રાખવામાં આવશે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાદી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

## ખેડબ્રહ્મામાં બોગસ તબીબોના દવાખાના ધમધમાટ શરૂ

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકામાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બોગસ તબીબો ઉપર પાડવામાં આવેલ રેડ બાદ છુમંતર થઈ ગયેલા ઉંટવૈદોએ ફરી પોતાના દવાખાની હાટડીઓ શરૂ કરી દીધી છે. જિલ્લા આરોગ્ય વિભાગની રેડમાં પકડાયેલા બોગસ તબીબી પ્રેકટીસ કરતા ફકીર મોહમંદ સાચોરા, ચંપક સોની, લાંબડીયા અને હબીબ સાચોરા પોશીનાએ ફરી દવાખાના શરૂ કરેલ છે. જિલ્લા આરોગ્ય વિભાગની તપાસમાં આ ઉંટવૈદો પકડાયા હતા. ફરી કોની મંજૂરીથી પોતે દવાખાના શરૂ કરી દીધા છે. પોલીસ ફરિયાદ થયેલ છે. છતાં બિંદાસથી ચલાવી રહેલા દવાખાનાઓ ઉંટવૈદો જિલ્લા આરોગ્ય અધિકારીને સાથે સંબંધો કેળવીને પોતાનો ધંધો ચલાવે છે. તો બોગસ તબીબો સામે જરૂરી તપાસ થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

ટચૂકડી જાહેર ખબર
અઢળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)




ડીસા નગરપાલીકાની વાત પણ કંઈક નીરાલી છે. આયેદીન વિવાદોમાં સપડાયેલી રહેતી ડીસા નગરપાલીકા વધુ એકવાર વિવાદમાં સપડાઈ છે. સમગ્ર શહેરમાં વિકાસ કરવાની વાતો કરતાં પાલીકા પ્રમુખ પોતાના વિસ્તારમાં સફાઈ અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં નિષ્ફળ ગયા છે. વાત છે વોર્ડ ૪માં આવેલા મંગલ પાર્ક, સરગમ બંગ્લોઝ, સાંઈરામ બંગ્લોઝ, અર્બુદા નગર,શીશુ વાટીકા, સરસ્વતી વિદ્યા શંકુલ, શીવનગર, આ તમામ સોસાયટીઓના ગંદા પાણીના નિકાલ માટે આજ રોજ સ્થાનીક રહીશોએ ડીસા નગરપાલીકાની કચેરી આવી આવેદનપત્ર આપ્યું હતું. ત્યાર બાદ પાલીકાના અધીકારી જવાનસીંગને આવેદનપત્ર આપી અમારા વિસ્તારના ઉમર મુજબના તમામ પ્રશ્નોનો હલ નહી આવે તો અમે ગાંધી ચીધ્યા માર્ગે ઉતરીશુ અને ધરણા યોજીશુ.તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. ગંદકી, પીવાના પાણી અને રસ્તાઓ જેવી સમસ્યાઓથી પીડાઈ રહેલા મંગલ પાર્ક, સરગમ બંગ્લોઝ, સાંઈરામ બંગ્લોઝ , અર્બુદા નગર, શીશુ વાટીકા, સરસ્વતી વિદ્યા શંકુલ, શીવનગર,વિસ્તારના લોકો હવે આકારા પાણીએ આવી ગયા છે. ત્યારે પ્રમુખ પણ આ ઘટનાને શાનમાં સમજી અને સ્થાનિકોની રજુઆતોને ધ્યાને લઈ તાત્કાલીક આ વિસ્તારમાં પ્રાથમિક જરૂરીયાતોને ઉપલબ્ધ બનાવે તે ખુબ જરૂરી છે.

## પાલક માતા-પિતા યોજના દ્વારા રાજ્ય સરકાર અનાથ બાળકોના સહારે

મહેસાણા, તા. ૨૧

રાજ્ય સરકારશ્રી દ્વારા સમાજ સુરક્ષા ખાતા દ્વારા અનાથ બાળકોના શિક્ષણ અને વિકાસ માટે પાલક માતા પિતા યોજના અમલમાં મુકી છે. આ યોજનાનો લાભ લેવા માટે પાલક માતા પિતાને અનાથ બાળક માટે રૂ. ૧૦૦૦ સહાય ચુકવવામાં આવશે. આ યોજના અંગેના ફોર્મ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી બ્લોક નં. ૧ ભોંયતળીયે મહેસાણા અથવા ઓબ્ઝર્વેશન હોમ કમ ચિલ્ડ્રન હોમ, જય ભારત સોસાયટી સામે રાધનપુપર ચાર રસ્તા, મહેસાણા ખાતે મળશે.

આ યોજનાનો લાભ લેવા માટે બાળક ૦ થી ૧૨ વર્ષનું હોવું જોઈએ. આ ઉપરાંત ખાસ કેસમાં ૧૪ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી આ યોજનાનો લાભ મળી શકશે.

**જાહેર નિવિદા નં-૪ સને ૨૦૧૨-૨૦૧૩**
**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર દ્વારા વિજળીકરણને લગતા ૮ કામની અંદાજીત કિંમત રૂ. ૧૬,૪૮૭.૨૪ થી ૨,૨૬,૫૩૦.૮૮ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૭/૭/૨૦૧૨ છે અને પરત મેળવવાની છેલ્લી તા. : ૪/૮/૨૦૧૨ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.
માહિતી/૯૦૦/૧૨-૧૩

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.**
**સેક્ટર-૧૦-એ, બીજ નિગમ પાસે, ગાંધીનગર.**
**સુધારો**
સંશોધન અધિકારીશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી., સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૪૩ ફોન નંબર : ૨૩૨૨૦૪૦૨ની કચેરી દ્વારા ઝેરોક્ષ કોપીઓ કઢાવવા માટે આવી કામગીરી કરતા ઠેકેદારો પાસેથી સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા ભાવો મંગાવવામાં આવેલ હતા. જેમાં ભૂલથી અંદાજીત કિંમત રૂ. ૧,૦૯,૦૦૦૦/- દર્શાવેલ હતી, જેમાં સુધારો કરી અંદાજીત કિંમત રૂ. ૧,૦૯,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ નવ હજાર પુરા) વંચાણે લેવી, તથા ટેન્ડરની બીજી તમામ શરતો યથાવત રહેશે.
માહિતી/૮૮૮/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮